ક્રમાંક : ગુજકા/વેટ/૧૫/૨૦૦૯-૧૦/જા.૮૯/૭૯

વાણિજ્યિકવેરા કમિશનરની કચેરી,
ગુજરાત રાજ્ય, વાણિજ્યિકવેરા ભવન,
આશ્રમરોડ, અમદાવાદ- ૯.
તારીખ : ૧૫-૧૦-૨૦૦૯.

## જા હે ર પ રિ પ ત્ર

વિષય : નિયમ-૧૯ હેઠળ તા.૩૦/૯/૦૯ ના રોજ પૂરા થતા ટેક્ષ પીરીયડના
માસિક/ ત્રિમાસિક પત્રક રજૂ કરવાની સમયમર્યાદા લંબાવવા બાબત.

ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમના નિયમોના નિયમ-૧૯ ની જોગવાઇ મુજબ તા. ૩૦-૯-૦૯ ના રોજ પૂરા થતા ટેક્ષ પીરીયડના માસિક/ત્રિમાસિક પત્રક રજૂ કરવાની સમયમર્યાદા તા. ૩૦-૧૦-૦૯ છે.

રાજયમાં દિવાળીના તહેવારોને ધ્યાનમાં લઇ આ સમયમર્યાદા લંબાવવા વિવિધ વેપારીમંડળો તેમજ વકીલ મંડળોની રજૂઆત મળેલ. જે ધ્યાને લઇ જાહેર કરવામાં આવે છે કે, તા. ૩૦-૯-૦૯ ના રોજ પૂરા થતા ટેક્ષ પીરીયડના માસિક/ત્રિમાસિક પત્રકો તા.૯-૧૧-૦૯ સુધીમાં રજૂ કરી શકાશે અને તે બદલ ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ-૨૦૦૩ તથા ગુજરાત મૂલ્યવર્ધિત વેરાના નિયમો-૨૦૦૬ અન્વયેની કોઇ પણ દંડકીય કે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે નહીં.

વધુમાં આ પરિપત્રિત સૂચનાથી સ્પષ્ટતા કરવામાં આવે છે કે, પત્રક કસુરદારો અંગે દંડની જોગવાઇ સબંધિત અત્રેના પરિપત્ર ક્રમાંક : ગુજકા/વેટ/બજેટ/૨૦૦૯-૧૦/જા.૮૩/૭૫, તા. ૧૨-૮-૦૯ થી કરેલ દંડની ગણતરી સબંધી જોગવાઇઓમાં તા. ૩૦-૯-૦૯ ના ટેક્ષ પીરીયડના માસિક/ત્રિમાસિક પત્રકો રજૂ કરવાની મુદત તા. ૯-૧૧-૦૯ ની ગણતરી ધ્યાને લઇ દંડની ગણતરી કરવાની રહેશે.

આ પરિપત્રની સબંધિત સર્વેએ નોંધ લેવી.

સહી/- ( પી. કે. પુજારી)
વાણિજ્યિકવેરા કમિશનર
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

નકલ સવિનય રવાના :

૧. અધિક સચિવશ્રી (કર), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગરને બે નકલમાં.
૨. વાણિજ્યિકવેરા કમિશનરશ્રીના રહસ્ય સચિવશ્રી, ગુ.રા., અમદાવાદ.
૩. ખાસ વાણિજ્યિકવેરા કમિશનરશ્રીના સહસ્ય સચિવશ્રી, ગુ.રા. અમદાવાદ.
૪. અધિક વાણિજ્યિકવેરા કમિશનરશ્રીના અંગત મદદનીશશ્રી, ગુ.રા. અમદાવાદ.
૫. સઘળા અધિક વાણિજ્યિકવેરા કમિશનરશ્રી, ગુ.રા., અમદાવાદ.
૬. સઘળા સંયુક્ત /નાયબ / સહાયક વાણિજ્યિકવેરા કમિશનરશ્રી,.
૭. સઘળા વાણિજ્યિકવેરા અધિકારીશ્રી,.
૮.. આ કચેરીની સઘળી શાખાઓ તરફ. ૯. ૧૦ નકલ મહાપાત્ર તાલીમ શાખાને
૧૦. ૧૦ નકલ દફતર શાખાને. ૧૧. ૧૦ નકલ જનસંપર્ક શાખાને.
૧૨. એકાઉન્ટ જનરલ અમદાવાદ તરફ. ૧૩. ઇ-ગવર્નન્સ સેલને વેબસાઇટ પર મૂકવા અર્થે.
૧૬. સઘળા નોંધાયેલ એશોસીએશન તરફ. (ઉપરોકત બાબત આપના મંડળના સભાસદોના ધ્યાન પર લાવી આભારી કરશોજી.

સહી/-
( એન.એ.આચાર્ય.)
સંયુક્ત વાણિજ્યિકવેરા કમિશનર (કાયદા)
ગુજરાત રાજ્ય, અમદાવાદ